# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# ગ્રામવિધાશાખા – તૃત્તીય વર્ષ બી.આર.એસ.
# રૂરલ હોમસાયન્સ મેનેજમેન્ટ એન્ડ હેલ્થ(ગૃહવિજ્ઞાન)
# વિષય :– ગૃહવિજ્ઞાન કાર્યાનુભવ પેપર નં.૧૪

❖ **માળખું:–**

| આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગુણ |
|---|---|---|
| ૩૦ | ૭૦ | ૧૦૦ |

❖ **હેતુ:–**

(૧) વિધાર્થી કાર્યાનુભવમાંથી પસાર થઈ ગૃહવિજ્ઞાનના સંદર્ભોથી પરિચિત થાય.

(૨) વિધાર્થીની કોઈ એક શિક્ષણ સંસ્થા(કેન્દ્ર)માં રહી કેન્દ્રનો પરિચય મેળવશે. તેમજ ગૃહવિજ્ઞાનને અનુબંધ વિષયોના શિક્ષણ સંસ્કાર સાથે સંલગ્ન એવા ઘડતર વિકાસના કાર્યો (અધ્યાપન, તાલીમ પ્રવૃત્તિ)નો અનુભવ મેળવશે. તેની વ્યવસ્થિત નોંધ રાખશે. આ કાર્યોમાં ૮ થી ૧૨ ધોરણમાં દરરોજ ગૃહવિજ્ઞાન વિષયના બે વર્ગો લે તેવું અપેક્ષિત છે.

(૩) વિધાર્થીની કોઈ એક સરકારી કે સ્વૈચ્છિક સંસ્થામાં નિવાસ કરશે. જયાં જે તે કેન્દ્ર પર ચાલતી દરેક પ્રવૃત્તિઓનો ઊંડાણથી અભ્યાસ કરશે. પેટાકેન્દ્રો તેમજ આસપાસના ગામડાઓની મુલાકાત લઈ કરેલ કાર્યોની વ્યવસ્થિત નોંધ રાખશે અને વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે.

➢ **નોંધ :**

(૧) વિધાર્થીનીએ આ સમગ્ર કાર્યાનુભવનો વ્યવસ્થિત લેખિત અહેવાલ મૂલ્યાંકન માટે રજૂ કરવાનો રહેશે. અહેવાલ સુપ્રત કરવાની તારીખ જાહેર કરશે.

(૨) આ કામ કરતી વેળાના વિધાર્થીનીના વૃત્તિ, વલણ, રીત, મહેનત, ક્ષમતા, કક્ષાને પણ અંતિમ અહેવાલ –મૂલ્યાંકન વેળાએ ધ્યાનમાં લેવાશે.

(૩) આ કામના મૂલ્યાંકનમાં જે તે તાલીમ કેન્દ્રોના સંબંધિત સંચાલકો – વ્યવસ્થાપકો તથા મુલાકાતી અધ્યાપકોના અભિપ્રાયોને પણ યોગ્ય રીતે ધ્યાનમાં લેવાશે.

(૪) કાર્યાનુભવમાં શિક્ષણ નિવાસ ૧૫ દિવસ તથા કેન્દ્રનિવાસ ૩૦ દિવસનો રહેશે. એમ કુલ ૪૫ દિવસ થશે.

❖ **મૂલ્યાંકનનું માળખું :–**

કાર્યાનુભવ કાર્યક્રમનું સ્વરૂપ વિશિષ્ટ હોવાથી તેના મૂલ્યાંકનમાં એકથી વધુ વ્યકિતઓની ભાગીદારી જરૂરી ગણવામાં આવી છે. નીચેના ત્રણ તબકકે વિધાર્થીનીના કાર્યાનુભવનું મૂલ્યાંકન થશે.

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના આધારો | કુલ ગુણ | ભારાંક |
|---|---|---|---|---|
| ૧ | મહાવિધાલયના કેન્દ્રનિવાસ વ્યવસ્થાપક | પૂર્વતૈયારી, નિયમિતતા, ચોકસાઈ, નિયમપાલન | ૧૫ | ૩૦% |
| | | અભિમુખતા, અનુકૂલનક્ષમતા, તત્પરતા | ૧૫ | |
| ૨ | કેન્દ્ર સંચાલક અને મહાવિધાલયના આચાર્ય | કાર્યનિષ્ઠા, પુખ્તતા, સમજદારી | ૨૦ | ૨૦% |
| ૩ | મુખ્ય વિષયના અધ્યાપક | કરેલ પ્રવૃત્તિઓની ગુણવત્તા, વિવિધતા, બહુલતા, વિધાર્થીઓના વલણ અને વૃત્તિ | ૫૦ | ૫૦% |
| | | મુલાકાત છાપ દૈનિક પોથી, પાક્ષીક અહેવાલ મૌખિક પરીક્ષા<br>૧૦ ૨૦ ૨૦ | | |